# ચતુર પિતાની ચાર આજ્ઞાઓ

— નગીન દવે

ધરમપુર ગામમાં ધર્મદાસ શેઠની મોટી પેઢી હતી. તેને ઉત્તમચંદ નામનો એક જ પુત્ર હતો. લાડકોડમાં ઉછર્યો હોવાથી તે કુસંગે ચડી ગયેલો. તે મિત્રો સાથે મળી એશોઆરામમાં ધન વેડફતો તેથી શેઠે વિચાર્યું કે મારા કરોડો રૂપિયાનાં ધનને સુરક્ષિત કરી લઉં. દીકરાને અક્કલ આવશે તો લઈ શકશે.

ગામથી થોડે દૂર શેઠે એક શિવમંદિર બંધાવ્યું અને ઘુમ્મટનો પડછાયો દસ વાગ્યે જ્યાં પડે ત્યાં ખાડો ખોદાવી કરોડો રૂપિયા દાટી દીધા. ઉપર ચબૂતરો ચણાવ્યો અને શેઠે તેનાં ચોપડામાં પુત્રને ઉદ્દેશીને આ ચાર વાતો લખી (૧) રોજ મીઠું મીઠું ભોજન કરો (૨) દુકાને છાંયામાં જાઓ અને છાંયામાં આવો (૩) કોઈને રૂપિયા ઉધાર આપો તો પાછા માગવા નહિ (૪) ક્યારેક રૂપિયાની જરૂર પડે તો શિવમંદિરના ઘુમ્મટમાં છે, દસ વાગે લેવા જશો તો મળશે નહિતર નહિ મળે.

થોડા સમય પછી ધર્મદાસનું અવસાન થયું. ઉત્તમચંદે ચોપડો ખોલીને જોયું તો ઉપરની ચાર વાતો તેનાં ધ્યાનમાં આવી. તેણે અમલ કરવાનું શરૂ કરી દીધું. ઘરમાં રોજેરોજ મીઠાઈ બનવા માંડી. ઘરની દુકાન સુધી તેણે છાપરું બનાવી લીધું જેથી છાંયડામાં જવાય અને છાંયામાં અવાય અને જે માગે તેને રૂપિયા ઉધાર આપવા માંડયા અને પાછા આપવાનું કાંઈ કહેતો નહિ.

ગામલોકોને તો ભારે મજા પડી ગઈ. સૌ માંડયા ઉધાર લેવા, પાછા આપવાની કાંઈ બોલી નહોતી ઉત્તમચંદની બધી સંપત્તિ ખલાસ થઈ ગઈ. તેની સ્થિતિ કફોડી બની ગઈ. મીઠું ભોજન તો શું જુવારના રોટલાનાં પણ ફાંફાં પડવા માંડયા. પિતાએ ચણાવેલ મંદિરનો ઘુમ્મટ તોડયો તો તેમાંથી ફૂટી કોડી પણ ન મળી. ધીરેધીરે અડધું મંદિર તોડાવી નાંખ્યું પણ મહેનત પાણીમાં ગઈ, કાંઈ મળ્યું નહિ.

ધર્મદાસ શેઠના એક પરમ મિત્ર હતા કર્મદાસ. મિત્રના પુત્રની આવી અવદશા જોઈ તેઓને બહુ લાગી આવ્યું. તેઓ વૃદ્ધ હતા અને બહાર હરીફરી શકતા નહોતા એટલે ઉત્તમચંદને ઘરે બોલાવ્યો. તેણે ઉત્તમની પીઠ પર હાથ ફેરવી કહ્યું. ‘બેટા ! તારી આવી હાલત કેમ થઈ ગઈ, મારા મિત્ર તો ઘણું ધન મૂકીને ગયા હતાં.’ ઉત્તમચંદે માંડીને વાત કરી અને પિતાજીએ ચોપડામાં લખેલી ચાર આજ્ઞાઓથી જ તે પાયમાલ થઈ ગયો તેમ જણાવ્યું.

'બેટા, ધર્મદાસ બહુ બુદ્ધિશાળી હતા. આ ચાર વાતો તારા ભલા માટે જ લખી હતી; પરંતુ તને તેનો અર્થ સમજાયો નહિ. ધન તો મંદિરના ગુંબજમાં જ છે, ચાલો હું બતાવું.' 'કર્મદાસ ચાલવામાં અશક્ત થઈ ગયેલા એટલે ઘોડાગાડી મંગાવી અને બંને શિવમંદિર પહોંચ્યા. થોડીવારમાં દસ વાગ્યા એટલે કર્મદાસે ઘુમ્મટનો પડછાયો જ્યાં પડતો ત્યાં ખોદાણ કરવા જણાવ્યું. ખોદાણ કરતાં જ રૂપિયા ભરેલા સાત ચરુ મળી આવ્યા.



'બેટા ! હવે હું તારા પિતાએ લખેલી સોનેરી વાતોનો અર્થ સમજાવું. રોજ મીઠું ભોજન ખાવું એટલે રોજ મીઠાઈઓ નહિ ઝાપટવાની. રોજ મીઠાઈ આરોગીએ તો ડાયાબિટીસ થઈ જાય. મીઠા ભોજનનો અર્થ છે જ્યારે કકડીને ભૂખ લાગે ત્યારે જ જમવું જેથી તે મીઠું લાગે. છાંયડાનો મતલબ એ નથી કે ઘરથી દુકાન સુધી છાપરું બનાવવું; પરંતુ એમ સમજવાનું છે કે સવારે તડકો થયા પહેલાં દુકાને જવું અને સાંજે સૂરજ ઢળ્યે ઘરે આવવું. રૂપિયા ઉધાર આપીને પાછા નહિ માગવાનો અર્થ એ છે કે બે

હજાર રૂપિયાની વસ્તુ રાખીને પછી એક હજાર રૂપિયા આપવા જેથી ઉધાર લેનાર પૈસા પરત ચૂકવીને પોતાની વસ્તુ લઈ જાય, માગવાનો પ્રશ્ન જ ઊભો થાય નહિ.'

ઉત્તમચંદે કર્મદાસના પગ પકડી લીધા. 'કાકા ! મને પિતાજીના શબ્દો સમજાયા નહિ અને તમારા જેવા વડીલની સલાહ લીધી નહિ. આ તો સંકટ સમયે ખેંચવાની સાંકળ હતી, બાકી દરેકે વ્યાવહારિક રીતે જ જીવન જીવવું જોઈએ, કાકા ! હવું હું આવી ભૂલ નહિ કરું.

'બેટા ! સમજ્યા ત્યારથી સવાર ! ગઈ ગુજરી ભૂલી હવે નવેસરથી સન્માર્ગે ચાલી જીવન ધન્ય કરો. પ્રભુ તારું કલ્યાણ કરે.'

કર્મદાસને ઘોડાગાડીમાં બેસાડી ઉત્તમચંદ ઘરે મૂકી ગયો અને નવેસરથી જિંદગી શરૂ કરી.

■